જાહેરાત ભાવ પત્રક
ફિક્સ ડિસ્પ્લે માસિક જાહેરાત ભાવ
(ફક્ત બ્લેક એન્ડ વાઈટ માટે)
(પ્રતિ માસ)
10x2 કોલમ ૧૦,૦૦૦/-(પ્રથમ પેજ) ૮,૦૦૦/-(છેલ્લા પેજ)
5x2 કોલમ ૫,૦૦૦/-(પ્રથમ પેજ) ૪,૦૦૦/-(છેલ્લા પેજ)
શ્રદ્ધાંજલી 5x2 કોલમ ૩૫૧/- રૂપીયા
જાહેર નોટીસ ૬૦ રૂપીયા કોલમ/સેમી
શુભેચ્છા 5x2 કોલમ ૫૫૧/- રૂપીયા
ટેન્ડર ૮૦ રૂપીયા કોલમ/સેમી
વાત્સલ્યમ્ સમાચાર દૈનિક સમાચાર પત્ર
સંપર્ક કરો
+91 87329 18183

RNI. No. GUJGUJ/2021/84659

“સમગ્ર ગુજરાતમાં પ્રસિદ્ધિ પામેલ દૈનિક સમાચાર પત્ર”

# વાત્સલ્યમ્ સમાચાર
## દૈનિક સમાચાર પત્ર

“VATSALYAM SAMACHAR” GUJARATI, DAILY

Volume : 03 • Issue : 281 • Date : 12/08/2024, Monday • Morbi • Page-04 • Price : Rs. 4.00/- • M : 87329 18183 | www.vatsalyamsamachar.com | vatsalyamsamachar@gmail.com

વર્ષ:૩ • અંક:૨૮૧ • તારીખ:૧૨/૦૮/૨૦૨૪,સોમવાર • મોરબી • પેજ:૪ • કિંમત:રૂ.૪.૦૦/- • મો.૮૭૩૨૯ ૧૮૧૮૩ • માલિક અને તંત્રી શ્રી-પરેશ પારીઆ

# ગામડાંની મોટા ભાગની સ્કૂલો ડમી શિક્ષકોના હવાલે ચાલી રહી છે, શિક્ષકોનું સુવ્યવસ્થિત કૌભાંડ

**વાત્સલ્યમ્ સમાચાર**

સરકારી શાળામાં નોકરી અને પગાર ચાલુ રાખી વિદેશગમન કરી ગયેલા શિક્ષકોનું એક કૌભાંડ સુવ્યવસ્થિત રીતે ગુજરાતમાં ચાલી રહ્યું છે.શિક્ષકો અને વિદ્યાર્થીઓની દૈનિક હાજરીની સમીક્ષા રાજય સરકારના 'વિદ્યા સમીક્ષા' કેન્દ્ર ઉપર થઈ રહી છે છતાં ચાલુ નોકરી અને ચાલુ પગારે કઈ રીતે શિક્ષકો વિદેશ પહોંચી ગયા છે. ગામડાંની મોટા ભાગની સ્કૂલો ડમી શિક્ષકોના હવાલે ચાલી રહી છે.

બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં આવેલી સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા પાંચ જેટલા શિક્ષકો બાળકોના અભ્યાસના ભોગે લાંબા સમયથી ફરજમાં લાપરવાહી દાખવી રજા પર ઉતરેલા હોવાનું સામે આવતા તંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું કે દાંતા તાલુકામાં બે, કાંકરેજ તાલુકામાં બે અને વાવમાં એક મળી કુલ 5 શિક્ષકો છેલ્લા એક વર્ષથી સળંગ રજા ઉપર હોય આ શિક્ષકોને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા રિપોર્ટ તૈયાર કરી કારણદર્શક ખુલાસો રજૂ કરવા ત્રણ ત્રણ વાર નોટિસો ફટકારવામાં આવી હતી. તેમ છતાં આ શિક્ષકો દ્વારા કોઈ જ પ્રત્યુતંર આપવામાં ના આવતા ફરજમાં ગુલ્લી મારતા પાંચ શિક્ષકોને જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા આખરી નોટિસો ફટકારવામાં આવી હતી. તેમ છતાં તેમના દ્વારા કોઈ ખુલાસો રજૂ કરવા નહીં આવે તો આ 5 શિક્ષકોના ફરજ મોકૂફી હુકમો કરવામાં આવશે.

શિક્ષણ વિભાગમાં નોકરી લાગી તગડો પગાર લઈને પણ વિદેશ જઈ કમાણી કરવા માટે બાળકોના શિક્ષણનો ભોગ લેતા શિક્ષકો સામે હવે કાર્યવાહી શરૂ થઈ ગઈ છે જેમાં ખેડા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ ટર્મિનેશનની પ્રક્રિયા ફેબ્રુઆરી મહિનાથી જ ચાલુ કરી દીધી છે જેમાં 8 જેટલા વિદેશ ગયેલા શિક્ષકોમાંથી 3ને 31.07.2024ના રોજ 3 શિક્ષકોને સર્વીસ ટર્મિનેટ કરી દેવામાં આવ્યા છે.



કપડવંજના શિવપુરાની પ્રાથમિક શાળામાં ડમી શિક્ષકનો કિસ્સો બહાર આવ્યો છે. આ સ્કૂલના મુખ્ય શિક્ષક આશિષ પટેલ વિજય નામની અન્ય વ્યક્તિને પોતાના સ્થાને મૂકીને પગાર લે છે. મુખ્ય શિક્ષક આશિષ પટેલનો પગાર 80 હજાર રૂપિયા છે પણ તેમને પગાર લેવા સિવાય બીજો રસ જ નહોતો તેથી પોતાના બદલે સ્થાનિક યુવકને ડમી તરીકે મૂકીને પોતે બીજા બધા ધંધા કર્યા કરતા હતા. વિદ્યાર્થીઓના કહેવા પ્રમાણે, વિજયભાઈ પાછળા ઘણા સમયથી અમને ભણાવે છે અને આશિષ પટેલ તો આવતા જ નથી. ગુજરાતનાં મોટા ભાગનાં ગામડાંની સ્કૂલો આ રીતે ડમી શિક્ષકોના ભરોસે ચાલે છે. આ સ્થિતી હોય ત્યાં ગુજરાતના શિક્ષણનું સ્તર ક્યાંથી ઉંચુ આવે?

બનાસકાંઠા જિલ્લાની વિવિધ સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા કેટલાક શિક્ષકો બાળકોના અભ્યાસના ભોગે ફરજમાં ગુલ્લી મારી એક વર્ષ કરતા વધુ સળંગ ગેરહાજર રહેતા હોય તેવા કિસ્સા સામે આવ્યા છે. ત્યારે જિલ્લાના 5 શિક્ષકોને તાલુકા કક્ષાએ 3-3 વાર નોટિસો આપવા છતાં આ શિક્ષકો દ્વારા પ્રત્યુતર આપવામાં ના આવતા આ શિક્ષકોને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા આખરી નોટિસો આપવામાં આવી છે. તેમ છતાં પણ શિક્ષકો જવાબ રજૂ કરવામાં નહીં આવે તો તેમની સામે ફરજ મોકૂફીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**રજાના નિયમ..**સરકારી કર્મચારીને વિદેશ જવા માટે પરત આવવાની શરતે કુલ 90 દિવસની રજા જિલ્લા કક્ષાએ જ મંજુર કરવામાં આવે છે. 90 દિવસ કરતાં વધુ સમય રજા મળતી નથી. એ સિવાય અન્ય રજાઓ જેવી કે મેડિકલ સહિતની બાબતોમાં હક રજા મળતી હોય છે, જે સરકારે નક્કી કરેલી હોય છે. એ સિવાય વધુ રજા કપાત પગારથી અપાતી હોય છે. જોકે કોઈ કર્મચારી એક વર્ષથી વધુ સમય કોઈપણ પ્રકારની મંજૂરી વિના રજા ઉપર રહે તો તેને બરતરફ કરવા સુધીના પગલા ભરવાની જોગવાઈ છે. પરંતુ આ સમજોગોમાં પણ કર્મચારીને કારણ દર્શક નોટીસ આપી પ્રથમ ખુલાસો પૂછ્યાં બાદ જ કાર્યવાહી કરાતી હોય છે.

## ગુજરાતમાં એનિમિયાની સ્થિતી ચિંતાજનક, 65 ટકા મહિલાઓ એનિમિયાગ્રસ્ત

**વાત્સલ્યમ્ સમાચાર**



એનિમિયામુક્ત ભારતનો દાવો કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગુજરાતમાં એનિમિયાની સ્થિતી ચિંતાજનક છે. એનુ કારણ એ છે કે, 15-49 વર્ષની 65 ટકા મહિલાઓ એનિમિયાગ્રસ્ત છે. લાખો કરોડો રૂપિયાનું આંધણ કર્યા પછીય એનિમિયાને કાબુમાં કરી શકાયો નથી તે વાત જાણે પ્રસ્થાપિત થઈ છે. ગુજરાતમાં મોટાભાગની મહિલાઓ એનિમિયાથી પિડીત છે. સામાન્ય રીતે સર્ગભા મહિલાઓને એનિમિયા થાય છે. શરીરમાં આયર્નની ઉણપને કારણે મહિલાઓ એનિમિયાનો રોગનો શિકાર બની રહી છે. એનિમિયામાં લોહીમાં રક્તકણોની ઉણપ જોવા મળે છે. આ માટે આરોગ્યપ્રદ આહાર જરૂરી છે. એનિમિયામુક્ત ભારત કરવા લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, પરંતુ અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં એનિમિયાનું પ્રમાણ ચિંતાજનકહદે વધી રહ્યું છે. ગુજરાતમાં 15-49 વર્ષની 65 ટકા મહિલાઓ એનિમિયાથી પીડિત છે. છતાંય આરોગ્ય વિભાગ સિદ્ધીઓની ડીંગો હાંકી રહ્યુ છે. અરુણાચલમાં 40 ટકા, ગોવામાં 39 ટકા, દિલ્હીમાં 49 ટકા, રાજસ્થાનમાં 59 ટકા, તેલંગાનામાં 57 ટકા, પંજાબમાં 58 ટકા અને મહારાષ્ટ્રમાં 54 ટકા મહિલાઓ એનિમિયાગ્રસ્ત છે. વાઈબ્રન્ટ ગુજરાત આરોગ્ય ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યુ છે તેવી બડાઈ હાંકવામાં આવી રહી છે. ત્યારે નાના રાજ્યો કરતાં ગુજરાતમાં એનિમિયા ગ્રસ્ત મહિલાઓની સંખ્યા વધુ છે. આ પરથી એ વાત સાબિત થઈ રહી છે કે, ગુજરાતમાં હજુ એનિમિયાને કાબૂમાં લેવામાં આરોગ્ય તંત્ર નિષ્ફળ રહ્યુ છે. નિષ્ણાતોએ એવી પણ ભિતી વ્યક્ત કરી છે કે, જો આજ પરિસ્થિતી રહી તો ગુજરાતમાં એનિમિયાગ્રસ્ત મહિલાઓની સંખ્યામાં હજુ વધારો થશે.

## મોરબી મચ્છુ જળ હોનારતની 45મી વરસીએ સ્મરણાંજલિ અને શ્રદ્ધાંજલિ

**વાત્સલ્યમ્ સમાચાર**
**ધવલ ત્રિવેદી-મોરબી**



મોરબીની મચ્છુ જળ હોનારતની ઘટનાને આજે 45 વર્ષ પુરા થઇ રહ્યા છે. જો કે, ન માત્ર ગુજરાત પરંતુ દેશ વિદેશના લોકો પણ જે ઘટનાને આજની તારીખે ભૂલ્યા નથી તે ઘટનાને મોરબીવાસીઓ કદી ન ભૂલી શકે તે નક્કી છે. આજે 44 વર્ષ વીતી ગયા હોવા છતાં પણ હોનારતની તારીખ આવતાં જૂની યાદો લોકોને તાજી થઇ જવાથી અનેક આંખોમાં ફરી પાછી હોનારત આવે છે. જળ પ્રલયમાં સ્વજનોને ગુમાવનારા અનેક લોકોની આંખોના બાંધ તૂટે છે.

11મી ઓગસ્ટ 1979ના દિવસને મોરબીના રહેવાસીઓ ક્યારે પણ ભૂલી શકે તેમ નથી. કેમ કે, આ દિવસે આજથી 45 વર્ષ પહેલાં મોરબી નજીકનો મચ્છુ-2 ડેમ તુટ્યો હતો અને મોરબી ભારતના નકશામાંથી હતું ન હતું થઇ ગયું હતું. જે તે સમયે શ્રાવણ મહિનાના પવિત્ર દિવસો હોવાથી મેળા સહિતની રજાઓ હતી. મોરબીની જુદીજુદી કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારો પોતાના વતનમાં કે ગામડે જતા રહ્યા હતા. 11મી તારીખ પહેલાંના દિવસોમાં પડેલા ભારે વરસાદના કારણે મચ્છુ-2 ડેમ છલોછલ ભરેલો હતો. તેવા સમયે એક ડેમનો માટીનો પાળો તૂટવાથી જળપ્રલયની ભયાનક ઘટના બની હતી. જેની યાદ માત્રથી આજની તારીખે લોકોના શરીરમાંથી કંપારી છૂટી જાય છે.

જો કે, મોરબીના જળ હોનારતમાં માનવ મૃત્યુનો સાચો આંકડો આજની તારીખે સામે આવ્યો નથી. પરંતુ મચ્છુ ડેમમાંથી નીકળેલું પાણી મોરબી ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ફરી વળ્યું હોવાથી હજારોની સંખ્યામાં લોકો મચ્છુના ધસમસતા પાણીમાં તણાઈ ગયા હતા અને મોતને ભેટ્યા હતા. ત્યાર બાદ ઘણા લોકો બેઘર થઈ ગયા હતા. જેથી કરીને આવા લોકોને રહેવા સહિતની વ્યવસ્થા કરવા માટે અનેક સંસ્થાઓ આવી હતી. જેમાં આરએસએસ દ્વારા ત્યારે મૃત વ્યક્તિ તેમજ પશુના શરીરનો નિકાલ અને સફાઈ માટેની વ્યવસ્થા કરી હતી. ત્યાર બાદ મોરબીમાં સામાકાંઠે લોકોના મકાન બનાવવા માટેનું કામ હાથ ઉપર લેવામાં આવ્યું હતું. જેના માટે શ્રમિકોને બહારથી લઈ આવવામાં આવ્યા હતા. ત્યારે દેશના વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંઘના પ્રચારક હતા, જેથી તેઓએ પણ મોરબીમાં આવીને કામ કર્યું હતું.

આ ઘટનામાં પરિવારના સભ્યો ગુમાવનાર લોકોને તે સમયે જોયેલા દશ્યો આજે પણ તેમની નજરની સામે તરતા હોય તેવું લાગી રહ્યું છે. મચ્છુ હોનારતનો દિવસ આવે એટલે અનેક લોકોના કાળજા કંપી ઉઠે છે. દર વર્ષે મોરબી મોતના તાંડવ એટલે કે હોનારતના કાળા દિવસને યાદ કરે છે. કેમ કે, ક્ષણવારમાં આવેલા હોનારતના પાણી ભલે ઓસરી ગયા હોય પરંતુ આજે 45 વર્ષ પછી પણ નગરજનોના હૃદયમાં કોતરાયેલા ઘાવ હજુ પણ રૂઝાયા નથી. હોનારત પછીના દિવસે લાચારી અને બેબસી સિવાય બીજું કશું જ લોકો પાસે હતું નહી.

એક જ પરિવારના ૧૧ સભ્યો પાણીમાં તણાઈ ગયા, એ દિવસને કેવી રીતે ભૂલી સકાય : દુધીબેન ૪૨ વર્ષ પૂર્વેના એ દિવસને આજે યાદ કરતા દુધીબેન હિબકે ચડી જાય છે અને રોતા રોતા એ દિવસને યાદ કરી જણાવે છે કે મોરબીનો ડેમ તુટ્યો ત્યારે તહેવાર હોવાથી પરિવાર મામાને ઘરે ગયું હતું જ્યાંથી પરત ફરતી વેળાએ પાણી આવવા લાગ્યા હતા જેથી એક ઓફિસમાં ગયા હતા પરંતુ ઓફિસમાં પાણી ભરાઈ જતા પરિવારના ૧૧ સભ્યો તેણે એક સાથે ગુમાવ્યા હતા અને તેણે પરિવારના ૧૧ સભ્યો હવે હયાત નથી તેની બીજા દિવસે જાણ કરાઈ હતી એક જ ઝાટકે દુધીબેન પ્રજાપતિના માતાપિતા, ભાઈ બહેન સહિતના પરિવારના ૧૧ સભ્યો પાણીમાં તણાઈ ગયા હતા જેનો ક્યારેય પત્તો લાગ્યો નથી

બે બાળકો નજર સામે તણાઈ ગયા, એકને જાનવર કરડી ગયું :ગંગાબેન રબારી અને તેના પતિની નજરની સામે પાણી તેના બે બાળકોને તાણી લઇ ગયું હતું ગંગાબેન એ દિવસને યાદ કરતા જણાવે છે કે એક બાળક તેણે, એક તેના પતિએ અને એક સસરાએ તેડ્યું હતું અને પાણીથી બચવા ટેલીફોન થાંભલા પકડી જીવ બચાવવા ફાફા મારતા હતા ત્યારે પાણીમાં જાનવર કરડી જતા એક બાળકનું મોત થયું હતું તો બે બાળકો માતાપિતાની આંખ સામે પાણીમાં તણાઈ ગયા હતા જેને તેઓ બચાવી ના શક્યા તો કુદરતે તેમને બચાવી લીધા પરંતુ ત્રણ ત્રણ બાળકો છીનવાઈ ગયા હતા તે દિવસને કેવી રીતે ભૂલી સકાય તેમ જણાવ્યું હતું મોરબીના હોનારતની ઘટના બની હતી. જેની ગીનીઝ બુકમાં પણ સૌથી ભયાનક હોનારત તરીકે નોંધ કરવામાં આવી છે.

દર વર્ષે 11 ઓગસ્ટના દિવસે મોરબી પાલિકા દ્વારા મૌનરેલીનું આયોજન કરવામાં આવે છે. જેમાં રાજકીય, સામાજિક આગેવાનો સહિતના લોકો તેમજ અધિકારી સહિતના હાજર રહેતા હોય છે. તેવી જ રીતે આજે મોરબીમાં પાલિકા કચેરીથી મૃતકોની ખાંભી સુધીની મૌન રેલી યોજાશે.

## ડાંગ જિ.પ્રા.શિ. સંઘનાં પ્રમુખ તરીકે સુરેન્દ્ર ગાવિત અને મહામંત્રી તરીકે ચિંતન પટેલ ચૂંટાયા



**વાત્સલ્યમ્ સમાચાર**
**મદન વૈષ્ણવ ડાંગ**

ડાંગ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ ચૂંટણી-2024 માં શિક્ષકોએ ત્રણેય તાલુકાનાં મતદાન સ્થળે મતદાન કર્યુ હતુ.આ ચુંટણીમાં મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે નિષ્પક્ષ અને પારદર્શક કામગીરી માટે જાણીતા મહેશભાઈ પઢિયાર(આચાર્ય,સરદાર વિદ્યાલય પ્રા.શા.)ની નિમણૂંક કરવામાં આવી હતી.મતદાન દિવસે જ સરદાર વિદ્યાલય પ્રા.શાળા,આહવા ખાતે ત્રણેય તાલુકાની મતપેટી એકત્ર કરી મતગણતરી થઈ હતી.ડાંગ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીમાં કુલ1536 શિક્ષક મતદારોમાંથી 1470 શિક્ષકોએ મતદાન કર્યુ હતુ. જેમા પ્રમૂખના ઉમેદવાર સુરેન્દ્રભાઈ કાળુભાઈ ગાવિત 582 મતો મેળવી વિજયી બન્યા હતા.જેઓએ ફક્ત પ્રમુખની જ ઉમેદવારી નોંધાવી હતી. મહામંત્રી પદનાં ઉમેદવાર ચિંતનકુમાર એન. પટેલે સૌથી વધુ 852 મત મેળવી સૌથી વધુ જંગી બહુમતીથી જીત મેળવી હતી. જ્યારે ખજાનચી તરીકે દલપતભાઈ જી.પટેલે 774 મત મેળવી જીત મેળવી હતી.આંતરિક અન્વેષક-1 તરીકે સુનીલભાઈ ચૌધરી અને આંતરિક અન્વેષક-2 તરીકે વિજયભાઈ પટેલે જીત મેળવી હતી.

## કુણોલ ગામે ઘાસચારો કાપતા સમયે મહિલાનો પગ લપસી પડતા કુવામાં પડી, ડૂબી જતા મહિલાનું મોત

**વાત્સલ્યમ્ સમાચાર**
**અરવલ્લી :હિતેન્દ્ર પટેલ**



કેટલીક વાર જીવનમાં વ્યક્તિની આકસ્મિત ઘટનાઓ બનતી હોય છે અને આ ઘટનાઓમાં કેટલાક લોકો પોતાનું જીવન પણ ગુમાવતા હોય છે તેવી જ એક આકસ્મિક ઘટના સામે આવી જેમાં વ્યક્તિ એ વિચાર્યું પણ નહિ હોય અને અંતે મોત નીપજ્યુંમેઘરજ તાલુકાના ગ્રામ્ય વિસ્તાર કુણોલ ગામે સોનલબા નામની મહિલા બપોરના સમયે પોતાના ખેતરમાં ઘાસચારો લેવા માટે ગયેલ હતી તે દરમિયાન ખેતરમાં આવેલા કૂવાપાસે ઘાસચારો કાપતા સમયે ઉભા થતા અચાનક પગ લપસી પડ્યો હતો અને મહિલા એકા એક કુવામાં ખાબકી હતી અને ડૂબી હતી તે સમયે પોતાના પતિ ઘાસચારોનો ભારો લેવા માટે ખેતરમાં આવે છે પરંતુ ત્યાં પોતાની પત્ની જોવા મળતી નથી અને કાપેલું ઘાસજોતા નજીક કુવામાં જોતા મહિલા કુવામાં પડેલ હોવાનું જાણવા મળતા એકાએક બૂમો પાડતા આજુબાજુના લોકો દોડી આવ્યા અને મહિલા એ બહાર કાઢી 108 મારફતે બેભાન અવસ્થામાં ઈસરી આરોગ્ય કેન્દ્ર ખાતે લાવામાં આવે છે જ્યાં તબીબએ મહિલાને મૃત જાહેર કરેલ આમ આકસ્મિત ઘટના ને પગલે પરિવાર પર આફત આવી પોહચી હતી

## પાટનગર ગાંધીનગર ખાતે શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ, મહેસાણા આયોજિત વિદ્યોત્તેજક સન્માન કાર્યક્રમ યોજાયો

**વાત્સલ્યમ્ સમાચાર**
**ગાંધીનગર**




તા. 11-08-2024ના રોજ શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગર ખાતે પટેલ ભરતકુમાર શંકરલાલ (જાકાસણા) આચાર્ય ઈન્દિરાનગર પ્રાથમિક શાળા બાલસાસણ. તા - જોટાણાનું સન્માન કરવામાં આવ્યું.આ કાર્યક્રમ માં મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, બનાસકાંઠા, પાટણ, અરવલ્લી અને કચ્છ જિલ્લાના શિક્ષક મિત્રો જેમણે શિક્ષણ ક્ષેત્રે પોતાનું વિશેષ યોગદાન આપીને તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા, રાજયકક્ષા તેમજ રાષ્ટ્રકક્ષા સુધી એવોર્ડ મેળવેલ છે તેવા શ્રેષ્ઠ સારસ્વતો માટે વિદ્યોતેજક સન્માન કાર્યક્રમ શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ, મહેસાણાના સહયોગથી અને ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડના મદદનીશ સચિવશ્રી અને ભૂતપૂર્વ નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી પુલકિત જોશીની પ્રેરણાથી યોજાયો. જેમાં આ સાત જિલ્લાના 555 જેટલા શ્રેષ્ઠ શિક્ષક મિત્રોનું સન્માન થયું. જે ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર છે. શિક્ષણવિદ શ્રી ગજેન્દ્રકુમાર જોશીના માર્ગદર્શનમાં અને તેઓશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં ડૉ. સી.જે.ચાવડા સાહેબશ્રી-ધારાસભ્ય વિજાપુર, રીટાબેન પટેલ - ધારાસભ્ય ગાંધીનગર, ડૉ. સુખાજી ઠાકોર - ધારાસભ્ય બેચરાજી, મનુભાઈ ચોકસી - પૂર્વ ચેરમેન જિલ્લા શિક્ષણ સમિતિ,મહેસાણા, એમ.પી. મહેતા, સચિવશ્રી સર્વ શિક્ષા અભિયાન, શ્રી એમ.કે રાવલ નિયામકશ્રી GSEB અને GIET ગાંધીનગર, શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના સંચાલકશ્રી ધર્મેશભાઈ પટેલ વગેરેએ શ્રેષ્ઠ શિક્ષકોને સન્માન પત્ર આપ્યાં તથા ખૂબ જરૂરી જ્ઞાનવર્ધક ભાથું પીરસ્યું.

## પતિ પત્નીના ઝગડા માં સુખદ સમાધાન કરાવતી પાદરા 181 અભયમ્ ટીમ

**વાત્સલ્યમ્ સમાચાર**
**સાજીદ વાઘેલા કાલોલ**

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકા ના ગામમાંથી એક મહિલાને તેમના પતિ દારૂના નશો કરી માનસિક તથા શારીરિક ત્રાસ આપતા હતા તેવો કોલ ૧૮૧ પાદરા ટીમ તમને મળ્યો હતો આથી ડ્યુટી પર હાજર ૧૮૧ ટિમ ઘટના સ્થળપર પહોંચી મહિલા નું કાઉન્સિલિંગ કર્યું તો જાણવા મળ્યું કે તેમના પતિ રોજ દારૂનો નશો કરી ઘરે આવે છે ને ખરાબ ગાળો બોલી માનસિક રીતે હેરાનગતિ કરે છે તથા મારઝુડ કરે છે અને કમાઈ ને ઘરમાં કશું આપતા નથી તથા ઘરના કામમાં મદદ કરતા નથી બાળકોને ભણવા માટે પણ ખર્ચો આપતા નથી જેથી મહિલાના દિયરે તેમજ સાસુએ ૧૮૧ અભયમ ની મદદ માગી છે પરિવાર દ્વારા બે વાર સમાધાન કરવામાં આવ્યું હતું પરતું કોઈ ફરક પડતો નથી તેમ જણાવતા હતા.આથી મહિલા ના પતિ સાથે વાતચીત કરી તથા સમજાવા નો પ્રયત્ન કર્યો અને જણાવેલ કે મહિલાને માનસિક રીતે હેરાનગતિ કરવી નહીં ખરાબ ગાળો બોલવો નહીં અને મારઝુડ કરવી નહીં અને દારૂનો નશો કરવાનું છોડી દેવું તથા બાળકો પ્રત્યે ધ્યાન આપવું અને ઘરના કામકાજમાં સાથ આપવો અને મહિલા ને કોઈ પણ પ્રકારની હેરાનગતિ કરવી નહીં આ વાતથી મહિલાના પતિ સહમત થયા હતા અને જણાવતા હતા કે હવે પછી સુધારો આવી જશે કોઈપણ પ્રકારે હેરાનગતિ કરીશ નહીં અને શાંતિ રાખીશ તેમ જણાવતા હતા આથી મહિલાના પરિવાર પંચના માણસો વચ્ચે લખાણ લખી સુખદ સમાધાન કરેલ છે તથા મહિલા અને કાયદાકીય માહિતી આપી મહિલાના પરિવારે ૧૮૧ ટીમનો આભાર વ્યક્ત કર્યો

## ૧,૦૦૦થી વધુ લોકોએ ભાલછેલ ખાતેના સનસેટ પોઈન્ટ ખાતે વૃક્ષારોપણ કર્યું

**વાત્સલ્યમ્ સમાચાર**
**જૂનાગઢ**



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે સાસણ ખાતે'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણીમાં સહભાગી થયા બાદ ભાલછેલ સનસેટ પોઈન્ટ ખાતે'એક પેડ માં કે નામ અભિયાન'અંતર્ગત વૃક્ષારોપણ કર્યું હતું.મુખ્યમંત્રીશ્રીની સાથે એન.સી.સી. કેડેટ્સ,એન.જી.ઓ.,આસપાસના ગ્રામજનો સહિત ૧,૦૦૦થી વધુ લોકોએ વૃક્ષારોપણ કર્યું હતુંમુખ્યમંત્રીશ્રીની સાથે રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરા,સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા સહિતના મહાનુભાવોએ ભાલછેલ સનસેટ પોઈન્ટ ખાતે વૃક્ષારોપણ કર્યું હતું. આ સ્થળને'માતૃવન'નામ આપવામાં આવ્યું છે.ઉલ્લેખનીય છે કે,રાજ્ય સરકારે અંદાજે રૂ.૧૫ કરોડના ખર્ચે વિકસિત કરેલ ભાલછેલ સનસેટ પોઈન્ટ ગીરના પ્રવાસે આવતા પ્રવાસીઓને એક નવું નજરાણા સમાન બની રહ્યું છે.'એક પેડ મા કે નામ'અભિયાન અંતર્ગત મુખ્યમંત્રીશ્રીની સાથે જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમર, ગીર સોમનાથ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મંજૂલાબેન મૂછાર, ધારાસભ્ય સર્વશ્રી દેવાભાઈ માલમ, ભગવાનજીભાઈ કરગઠિયા, ભગવાનભાઈ બારડ, અરવિંદભાઈ લાડાણી, કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયા, વન વિભાગના ઉચ્ચ અધિકારી સર્વશ્રી નિત્યાનંદ શ્રીવાસ્તવ,ડો યુ. ડી. સિંહ, પ્રશાંત તોમર સહિતના અધિકારીઓ પદાધિકારીઓએ વૃક્ષારોપણ કર્યું હતું.

## ફતેપુરા ના ધારાસભ્યએ સુખસર પોલીસ મથકે કરાયેલ ફરીયાદને લઈ આદિવાસી યુવક સાથે પોલીસ મથકે પોલીસ કર્મી દ્વારા અભદ્ધ વ્યવવાર કરતા કાર્યવાહીની માંગ

**વાત્સલ્યમ્ સમાચાર**
**અજય સાંસી દાહોદ**



ફતેપુરા ના ધારાસભ્યએ સુખસર પોલીસ મથકે કરાયેલ ફરીયાદને લઈ આદિવાસી યુવક સાથે પોલીસ મથકે પોલીસ કર્મી દ્વારા અભદ્ધ વ્યવવાર કરતા કાર્યવાહીની માંગ.વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરતા આદિવાસી યુવક પર ફતેપુરાના ધારાસભ્યએ સુખસર પોલીસ મથકે કરાયેલ ફરીયાદને લઈ આદિવાસી યુવક સાથે પોલીસ મથકે પોલીસ કર્મી દ્વારા અભદ્ધ વ્યવવાર કરતા કાર્યવાહીની માંગ સાથે આદિવાસી સમાજના લોકો દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી પહોંચ્યા. આજરોજ રવિવાર 3 કલ્લાકે દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના સુખસરના આદિવાસી સમાજના લોકો દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી પહોંચ્યા અને લેખિત રજુઆત કરી જેમાં જણાવવામાં આવ્યું કે દાહોદ જિલ્લામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી આદીવાસી સમાજ દ્વારા હર્ષો ઉલ્લાસ ધુમધામથી અને શાંતીપૂર્ણ માહોલમાં ઉજવવામાં આવી છે જયારે ફતેપુરા તાલુકાના સુખસર ખાતે વિસ્વ આદીવાસી રેલી ફતેપુરાના ધારાસભ્ય રમેશભાઈ કટારાના ઘર આંગણેથી હર્ષો ઉલ્લાસ.ધુમધામથી અને ચીલકારિયો પાડતા પાડતા જઈ રહ્યા હતા.ધારાસભ્યને કઈ ખોટું લાગતા.ત્યારે બીજા દિવસે એટલે કે 10 ઓગસ્ટના રોજ સુખસર પોલીસ મથકેથી રેલીમાં હાજર અને વિશ્વ આદિવાસી દીવસની ઉજવણી કરતા ભરત ભાઈ પર ફોન આવ્યો અને ભરત ભાઈને સુખસર પોલીસ મઠકે બોલાવવા આવ્યા ત્યારે ભરત ભાઈ સુખસર પોલિસ મથકે પહોંચતા.સુખસર પોલીસ મથકે હાજર પોલીસ કર્મી દ્વારા ભરત ભાઈ પાસેનો ફોન લઈ ભરત ભાઈ સાથે હાજર પોલીસ કર્મી દ્વારા અભદ્ધ વર્તન કરતા અને જબરજસ્તી માફી પત્ર લખાવી ભરત ભાઈને પોલીસ કર્મી દ્વારા જેમ તેમ બોલી એમને લાગી આવતા.જેની જાણ ફતેપુરાના આદિવાસી સમાજના લોકોને તથા તેઓએ દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી પહોંચી આદિવાસી સંસ્કૃતિને સમજી શકે જાણી શકે એવા અધિકારીને સુખસર પોલીસ સ્ટેશનું ચાર્જ સોંપવામાં આવે એવી માંગ કરી છે






વાત્સલ્યમ્ સમાચાર

## જાહેર રસ્તા ઉપર રખડતા ઢોરને પકડવા માટે ગોધરા ન.પાલિકા વિસ્તારમાં ડ્રાઈવ યોજાઈ

વાત્સલ્યમ્ સમાચાર
નિલેશભાઈ દરજી શહેરા



ગોધરા નગરપાલિકા વિસ્તારમાં તા.૧૪ ઓગષ્ટના રોજ ગાંધીચોક,એસ.ટી.સ્ટેન્ડ, ભુરાવાવ, વાવડી બુઝર્ગ, બામરોલી રોડ તથા ગદુકપુર ચોકડી ખાતે જાહેર રસ્તા ઉપર રખડતા ઢોરને પકડવા માટે ઢોર ડબ્બા સાથે ડ્રાઈવ યોજવામાં આવી હતી.સદર ડ્રાઈવમાં ૭૦થી વધુ ગોધરા નગરપાલિકા,ટ્રાફિક વિભાગ,પોલીસ વિભાગના કર્મચારીઓ/અધિકારીઓ જોડાયા હતા. સદર ડ્રાઈવ હેઠળ જાહેર રસ્તા પર રખડતા કુલ ૪૫ નાના મોટા ઢોરને પકડીને પરવડી ખાતે આવેલ ગૌશાળા ખાતે મોકલી આપ્યા હતા.આ સાથે તંત્ર દ્વારા સદર ઢોરના માલિકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. ડ્રાઈવ દરમિયાન ૦૨ ઈસમો કે જેઓ આ ડ્રાઈવ દરમીયાન પશુઓને ભગાડી જઈ અને કામગીરીમાં અવરોધ બનતા તેઓને ઝડપી પાડીને તેમની સામે પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.હવે પછી, વહીવટી તંત્ર દ્વારા સમયાંતરે આ પ્રકારની ઢોર પકડવાની ડ્રાઈવ યોજીને રખડતા ઢોરને પકડવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે તેમ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ગોધરા શ્રી પ્રવિણસિંહ જૈતાવત દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ખેરગામ: પાટી ગામના ભાજપના તાલુકા સભ્ય કાર્યકરો તથા ખેડૂતોએ કોંગ્રેસના ધારાસભ્યોને શરણે કેમ જવા પડ્યું

વાત્સલ્યમ્ સમાચાર
દિપક પટેલ-ખેરગામ



ખેરગામ તાલુકાના પાટી ગામે ખેડૂતને વળતર ન ચૂકવી 49 લાખનું પાણી પુરવઠા નું કૌભાંડ પાટી ગામે ચર્ચાનો વિષય બન્યો ત્યારે પાટી ગામે સ્કૂલ ખાતે રાત્રી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું વાસદા ના ધારાસભ્યો અનંત પટેલ ખેરગામ તાલુકાના પ્રમુખ શશીન પટેલભાઈ અપક્ષ સદસ્ય કલ્પેશ પટેલ માજી જિલ્લા સભ્ય ધર્મેશ પટેલ પુરાવ તલવિયા માજી સરપંચશ્રી ધર્મેશ પટેલ અને મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ ખેડૂતો અને ગામજનો ઉપસ્થિત રહ્યા હતા આ દરમિયાન ખેડૂતોમાં અને લોકોમાં ભારે રોષ અને આક્રોશ જોવા મળ્યો હતો જેમાં ખેડૂતે સભા સંબોધતા જણાવ્યું હતું કે પાણી પુરવઠા ની નલસે જલની યોજનામાં મોટો કૌભાંડ જોવા મળ્યો છે આ યોજનામાં જે ખેડૂતોની જમીનમાંથી પાઈપ લાઈન ગઈ છે તેમને વળતર આપવામાં આવ્યું નથી અને જે ખેડૂતને જમીન પણ નથી ગઈ તેમને વળતર ચૂકવી દેવામાં આવ્યા છે જેમાં સરપંચ તથા તલાટી પાણી પુરવઠાના અધિકારીઓ એ જેમના ખેતરમાંથી પાઈપલાઈન ગયેલ નથી એવા ખોટા ખેડૂતને ઊભા કરી ખોટા દસ્તાવેજો બનાવી મરણ થયેલ હોય એવા વ્યક્તિઓની પણ ખોટી સહી કરી નાણાંની ઉચાપત કરેલ છે જયારે 80 જેટલા ખેડૂત ભાઈઓને વળતર મળ્યું નથી સરકારશ્રીના નાણાંનો ખોટો દૂર ઉપયોગ કરેલ છે. તાત્કાલિક તપાસ કરાવો એવા ન્યાયની આશા રાખીએ છીએ.આ બાબતે પાણી પુરવઠા અધિકારીઓ કલેકટરશ્રી મામલતદારશ્રી તથા રાજકારણી નેતાઓને ઘણીવાર આવેદનપત્ર આપી રજૂઆત કરી છે પરંતુ આજ સુધી અમને ન્યાય નથી મળ્યો અમને ન્યાય મળે એ માટે કોંગ્રેસના ધારાસભ્યો અનંત પટેલ પાસે અમે રજૂઆત કરી છે ને ન્યાય મળે તેની માંગણી કરી છે આ બાબતે સભા ગજવતા અનંત પટેલે જણાવ્યું હતું કે ખેડૂતને જરૂરથી ન્યાય મળશે હું પક્ષ પાત છોડી હું તમારી સાથે છું હું આદિવાસી સમાજ સાથે છું આપણે સૌ મળી ખેરગામ તાલુકામાં17 તારીખે આવેદનપત્ર આપવા આહવાન કર્યું હતું

## માલપુર : સુરાતનપુર ગામે 10 પશુઓને લીલો ઘાસચારો ખવડાવ્યા બાદ ઝેરની, 4 પશુઓના નીપજ્યા મોત

વાત્સલ્યમ્ સમાચાર
અરવલ્લી :હિતેન્દ્ર પટેલ



અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના સુરાતનપુર ગામે ખેડૂતના માટે આભ ફૂટ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી જેમાં ખેડૂતે ખેતરમાંથી લાવેલ ઘાસ ચારો પશુને ખવડાવતા પશુને ઝેર ની અસર થઈ હતી જેમાં 4 પશુના મોતનીપજ્યા હતા અરવલ્લી જિલ્લામાં 10 પશુઓ ને લીલો ઘાસચારો ખવડાવ્યા બાદ ઝેરની અસર થતા 4 પશુઓના મોત નિપજ્યા હોવાની ઘટના સામે આવતા ચકચાર જોવા મળી હતી. માલપુર તાલુકાના સુરાતનપુર ગામની ગત સાંજના પશુપાલકે પોતાના ખેતરમાંથી લાવેલ ઘાસ ચારો ખવડાવ્યા બાદ એકપછી એક એમ 10 પશુને ઝેરની અસર થતા,બે ગાભણ સહિત 4 પશુના મોત નિપજ્યા હતા ઘટનાની જાણ માલપુર સરકારી પશુ ચિકિત્સક ને કરવામાં આવતા ટીમ પશુ પાલકના ઘરે આવી પહોંચી હતી સારવાર આપતા 6 પશુનો બચાવ થયો હતો દિવ્યાંગ અને અત્યંત ગરીબ પશુપાલક ના એક સાથે 4 પશુ ઓ ના મોત ના કારણે જાણે આભ ફાટ્યું હોય એવી સ્થિતિમાં મુકાયો હતો, ઝેરની અસરથીપશુઓના થતા મોતની ઘટનામાં કોઈ આર્થિક સહાયની જોગવાઈ ન હોવાનું તબીબે જણાવ્યું હતું.ગતરોજ સાંજના ખેતરમાંથી લાવેલ ઘાસચારો ખવડાવ્યા બાદ ઝેરની અસર થઈ હોવાનું સરકારી પશુ તબીબે માહિતી આપતા જણાવ્યું હતું

## આંત્રોલી પ્રાથમિક શાળા ખાતે નારી વંદન ઉત્સવ અંતર્ગત મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી કરાઈ

વાત્સલ્યમ્ સમાચાર
પાલનપુર



મહિલા અને બાળ વિકાસ વિભાગ જિલ્લા પંચાયત આઈસીડીએસ શાખા બનાસકાંઠા અને તાલુકા પંચાયત આઈસીડીએસ શાખા પાલનપુર ઘટક - ૨ ચિત્રાસણી સેજા દ્વારા મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. 'મહિલા સશક્તિકરણ પખવાડિયા' નારી વંદન ઉત્સવ અંતર્ગત આંત્રોલી પ્રાથમિક શાળામાં આયોજિત કાર્યક્રમાં પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર દ્વારા શાળા એ જતી અને શાળા ન જતી કિશોરીઓ, સગર્ભામાતાઓ, ધાત્રી માતાઓ અને મહિલાઓને પૂર્ણા યોજના અને પોષણ વિશે માહિતી આપવામાં આવી હતી તેમેન સંકલિત બાળ વિકાસ યોજનાકીય માહિતી તથા THR ઉપયોગ વિશે સમજણ આપી સોશિયલ મીડિયા દ્વારા થતા શોષણ સામે જાગૃત કરવામાં આવ્યા હતા. આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો દ્વારા પૂર્ણા શકિત THR પેકેટ દ્વારા જુદી જુદી વાનગીઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું. ઓનલાઈન માધ્યમ દ્વારા THR ના પેકેટમાંથી લાભાર્થીઓને સુખડી બનાવવાની રીત બતાવી અને જુદી જુદી વાનગી બનાવી શકાય તેની માહિતી આપવામાં આવી હતી.

## જસદણ તાલુકાના ગોડલાધાર ગામ ખાતે રૂ. ૩.૩૦ કરોડના ખર્ચે બનેલી માધ્યમિક શાળાનું લોકાર્પણ

વાત્સલ્યમ્ સમાચાર
અમુ સિંગલ જેતપુર



ગુજરાત સરકાર જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે જસદણ તાલુકાના ગોડલાધાર ગામ ખાતે રૂ. ૩.૩૦ કરોડના ખર્ચે નવનિર્મિત સરકારી માધ્યમિક શાળાનું લોકાર્પણ કરાયું હતું.

આ તકે કેબિનેટ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, એક વર્ષ પહેલાં આ શાળાનું ખાતમુહૂર્ત કર્યા બાદ આજે લોકાર્પણનો અવસર સાંપડ્યો, એ મારું સદભાગ્ય છે. ગુણવત્તાભર્યું શિક્ષણ એ ચારિત્ર્યનું ઘડતર અને સંસ્કારોનું સિંચન કરે છે. તેથી, ગુજરાતનાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય અર્થે સતત ચિંતિત છે. વિદ્યાર્થી શાળામાં પ્રવેશ મેળવે, ત્યારથી લઈને કોલેજમાં ઉચ્ચ અભ્યાસ સુધીના અભ્યાસ માટે સરકાર આર્થિક રીતે સહાયરૂપ બની રહી છે. જસદણ-વીંછિયા પંથકના વાડી વિસ્તારમાં રહેતા છેવાડાના માનવીનું બાળક પણ અશિક્ષિત ન રહી જાય, તે માટે સીમ શાળાઓ કાર્યરત છે. ત્યારે મારી નમ્ર અરજ છે કે વાલીઓ સંતાનોને ખૂબ ભણાવે-ગણાવે અને સરકારી શાળાઓમાં પ્રવેશનો આગ્રહ રાખે.

'એક વૃક્ષ માતાના નામે' અભિયાનમાં જોડાવવાનો અનુરોધ કરતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, સરસ્વતીના મંદિર સમી ગોડલાધાર માધ્યમિક શાળા નવીનકોર છે, ત્યારે તેને સાચવવાની અને જાળવવાની જવાબદારી સ્ટાફ અને વિદ્યાર્થીઓની છે. એટલું જ નહીં, આ શાળાને હરિયાળી બનાવવાની નૈતિક ફરજ પણ તેમની છે. ત્યારે આપણે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ હાલમાં દેશવ્યાપી 'એક પેડ માં કે નામ' અભિયાનમાં સહભાગી બનીને માતાની સ્મૃતિમાં વૃક્ષો વાવીને તેનું જતન કરીને આ ઝુંબેશને સાર્થક બનાવીએ.

આ શાળાના પ્રાંગણમાં બાળાઓએ કુમકુમ તિલકથી મંત્રીશ્રીનું સ્વાગત કર્યું હતું. મહેમાનોએ દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો આરંભ કર્યો હતો. મંત્રીશ્રીએ શાળામાં લેબોરેટરી, લાયબ્રેરી, ક્લાસ રુમનું નિરીક્ષણ કરીને આવશ્યક માર્ગદર્શન આપ્યું હતું.

આ તકે મંત્રીશ્રીએ સ્વાગત ગીતનું નૃત્ય રજૂ કરતી વિદ્યાર્થીનીઓને બિરદાવીને ઈનામ આપ્યા હતા. કાર્યક્રમના અંતે ધો. ૯ અને ધો. ૧૦ના વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરાયું હતું. આચાર્યશ્રી વૈશાલીબેન ધંધુકીયાએ શાબ્દિક સ્વાગત, અગ્રણીશ્રી ખોડાભાઈ ખાસિયા અને ભાવેશભાઈ વેકરીયા એ પ્રાસંગિક ઉદબોધન તેમજ કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી વિજયભાઈ દેસાણીએ કર્યું હતું.

## સાપુતારા જતા માર્ગે આવેલ બારીપાડા ગામ નજીક સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર ભેખડ સાથે ભટકાઈ

વાત્સલ્યમ્ સમાચાર
મદન વૈષ્ણવ-ડાંગ



ડાંગ જિલ્લાનાં સાપુતારાથી વઘઇને જોડતા આંતરરાજય ધોરીમાર્ગનાં બારીપાડા ગામ નજીક વેન્યુ કાર ભેખડ સાથે ભટકાઈને ખાડામાં ખાબકતા અકસ્માત સર્જાયો..

પ્રાપ્ત વિગતો અનુસાર ગતરોજ મોડી રાત્રીનાં અરસામાં સુરત તરફથી મહારાષ્ટ્રનાં નાસિક તરફ જઈ રહેલ વેન્યુ કાર.ન.એમ.એચ.15.જે.ડી.2461 જે સાપુતારાથી વઘઇને જોડતા આંતર રાજય ધોરીમાર્ગનાં બારીપાડા ગામ નજીકનાં વળાંકમાં ચાલકે સ્ટેયરીંગ પરનો કાબૂ ગુમાવી દેતા આ કાર ભેખડ સાથે ભટકાઈને માર્ગની સાઈડનાં ખાડામાં ખાબકતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં વેન્યુ કારને જંગી નુકસાન થયુ હતુ. જ્યારે વેન્યુ કારમાં માત્ર ચાલક જ હોય જેને નાની મોટી ઈજાઓ પોહચી હોવાની વિગતો સાંપડેલ છે..

## વિશ્વ સિંહ દિવસ: "શ્રદ્ધા" થી "દેવી" સુધી, સરદાર પટેલ ઝૂલોજીકલ પાર્કમાં વધી રહી છે સિંહોની વસ્તી

વાત્સલ્યમ્ સમાચાર
જુનેદ ખત્રી : રાજપીપલા



ભારત સરકાર અને ગુજરાત સરકાર, દેશની આન-બાન અને શાન સમાન એશિયાટિક સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે સુદ્રઢ અને પ્રમાણિક પ્રયત્નો કરી રહ્યાં છે. આ પ્રયત્નોનું એક જવલંત ઉદાહરણ છે ગુજરાતના એકતા નગરનું સરદાર પટેલ ઝૂલોજીકલ પાર્ક, જયાં લખાઈ રહી છે સિંહોના સંરક્ષણ અને સંવર્ધનની નોંધપાત્ર સફળતાની કહાણી. આ વિશ્વ સિંહ દિવસના અવસરે અમે આપને જણાવીશું કે કઈ રીતે અહીંના પ્રાણી ઉદ્યાનમાં જંગલના રાજા સિંહ અને તેનું કુટુંબ ફૂલી ફાલી રહ્યું છે.

આ પ્રતિષ્ઠિત પ્રાણી સંગ્રહાલય લુપ્તપ્રાય એશિયાટિક સિંહો માટે આશાની કિરણ બની ગયું છે, જે આ અવિશ્વસનીય જીવોને ખીલવા માટે એક સલામત અને સંવર્ધક વાતાવરણ પુરું પાડે છે. છેલ્લાં બે વર્ષોમાં, આ ઉદ્યાનમાં માતા "શ્રધ્ધા"ના પાંચ સાવજોના જન્મ સાથે સિંહોની વસ્તીમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, જે ગુજરાત માટે ગર્વ અને હર્ષની વાત છે. ૨૦૨૨ માં "રેવા" ના આગમન અને તે પછી ૨૦૨૩ માં "ઈન્દ્ર", "વાણી", "તારા" અને "દેવી" ના આગમનથી માત્ર વસ્તીમાં વધારો નથી થયો, પરંતુ આ બાળસિંહોની નિર્દોષ મસ્તીને નિહાળી મુલાકાતીઓ અને કર્મચારિઓના ચહેરા પર પણ સ્મિત રેલાયું છે.

આ પ્રયત્નો માત્ર એશિયાટિક સિંહો માટે જ નહીં, બલ્કે આફ્રીકન સફેદ સિંહો માટે પણ કરવામાં આવી રહ્યાં છે.ગત જાન્યુઆરીમાં જ ૨ આફ્રીકન સફેદ સિંહ પણ સરદાર પટેલ ઝૂઓલોજિકલ પાર્કમાં લાવવામાં આવ્યા છે, આ બંને સિંહ યુગલે પણ અહિંયાના વાતવરણને પોતિકુ બનાવી લીધુ છે.

સરદાર પટેલ ઝૂલોજીકલ પાર્કની સિદ્ધિઓ અહિંયાના કર્મચારિઓના સમર્પણ અને સખત મહેનતની સાથે-સાથે ભારત અને ગુજરાત સરકારની સહાયક નીતિઓનો પુરાવો છે. આ સામૂહિક પ્રયત્નોએ એશિયાટિક સિંહો માટે એક સમૃદ્ધ નિવાસ સ્થળ બાનવવામાં સફળતા મળી છે, જેના દ્વારા આ ભવ્ય પ્રજાતિના લાંબા ગાળાનું અસ્તિત્વ સુનિશ્ચિત થયું છે.આજે આપણે વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરી રહ્યા છે, ત્યારે આપણે આ મેજેસ્ટિક પ્રાણીના સતત સંરક્ષણ અને સલામતીના મહત્વને પણ સ્વીકારીએ છીએ

આ અંગે માહિતી આપતા સરદાર પટેલ ઝૂલોજીકલ પાર્કના નિયામક વિપુલ ચક્રવર્તિએ જણાવ્યુ હતુ કે, પાર્કને પોતાનું રહેંણાક બનાવનાર તમામ પ્રાણી-પક્ષીઓનું સંરક્ષણ અને સંવર્ધન માટે સમર્પિત ટીમ પોતાના ૧૦૦% પ્રયાસો કરી રહી છે જેમાં અમારા આદિવાસી સમાજના એનિમલ કીપર સહિત પ્રાણી શાસ્ત્રીઓ, તબીબોની ટીમ સતત તમામ પ્રાણી-પક્ષીઓને સારૂ અને અનુકુળ વાતાવરણ પુરૂ પાડવા સતત પ્રય્ત્નશીલ છે અને તેના પરીણામે આજે સિંહનું પરીવાર આજે આટલુ વિશાળ બન્યુ છે.

## નર્મદા નદીમાં માછીમારી કરતા એક દુર્લભ માછલી મળી

વાત્સલ્યમ્ સમાચાર
નરેશપરમાર -કરજણ



કરજણ ના દેલવાડા ગામે નદીમાંથી આશ્ચર્યજનક મચ્છી મળી આવી હતી. કરજણ તાલુકાના સોમજ -દેલવાડા ગામના જાદવભાઈ પ્રભુદાસ માછીમારી કરવા ગયા હતા ત્યારે એમની જાળ માં જોઈ ને લોકોમાં કુટુહલ સર્જાય એવી એક અલગ પ્રકાર ની માછલી ફસાઈ ગઈ હતી. મચ્છી મારવા ગયેલા લોકો એ આ માછલી ને પોતાના ઘરે લઈ આવ્યા હતા.આ માછલી પાણી વગર પર કેટલા કલાકો સુધી જીવતી રહી શકે છે. થોડા દિવસો પહેલા પુરસા ગામના તળાવ માંથી પણ આવી એક માછલી જાળ માં આવી ગઈ હતી. આ કઈ માછલી છે એ પણ એક નવાય ની વાત છે આ માછલી ને જોવા લોકો ના ટોળા ઉમટી પડ્યા હતા

## રાજુલા ગર્લ્સ હાઈસ્કુલ માં સાયબર સેમિનાર યોજાયો

વાત્સલ્યમ્ સમાચાર
યોગેશ કાનાબાર રાજુલા



રાજુલા શહેરમાં આવેલ ટી.જે.બી.એસ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થી બહેનોમાં જાગૃતિ લાવવા માટે સાયબર ક્રાઈમ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં રાજુલા પોલીસ દ્વારા તમામ વિદ્યાર્થી બહેનોને સાયબર ક્રાઈમ ફ્રોડથી સાવચેત રહેવા માહિતગાર કર્યા હતાં. જેમા ફ્રોડ મેસેજ, સ્ક્રીન શેરીંગ એપ, કસ્ટમર કેર નંબર, કોઈપણ અજાણ્યા ફોન આવે તો તમારા એકાઉન્ટ નંબર આપશો નહી તેમજ ડુપ્લીકેટ સોશિયલ મિડિયા એકાઉન્ટ ફ્રોડ સહિત વિવિધ સાયબર ફ્રોડથી સાવચેત રહેવા માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. તેમજ સાયબર ફ્રોડથી સુરક્ષિત રહેવા વિદ્યાર્થી બહેનોને પોલીસે દ્વારા અપીલ કરવામાં આવેલ સાથોસાથ સાયબર ક્રાઈમની પત્રીકાઓનુ પણ વિતરણ કરવામા આવ્યું હતું.

## દાહોદ રેલ્વે સ્ટેશનને વડોદરાં કોટા પાર્શલ ટ્રેન પર RPF જવાન ચઢવા જતા પગ લપસી જતા RPF જવાનને પગના ભાગે ગંભીર ઈજા

વાત્સલ્યમ્ સમાચાર
અજય સાંસી દાહોદ



રવિવાર.૧૦.૫૫ કલાકની આસપાસ વડોદરા થી કોટા તરફ જતી ટ્રેન દાહોદ રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નંબર ત્રણ પર રોકાતા મધ્ય પ્રદેશના મેંઘનગર થી દાહોદ કઈ કામ અર્થ આવેલ RPF જવાન આદેશકુમાર શીશપાલસિંહ કટારિયા ઉંમર. ૩૫ જે વડોદરા કોટા ટ્રેનમાં બેસી દાહોદ થી મેઘનગર જવા નીકળયા હતા તે દરમિયાન RPF જવાન આદેશકુમાર વડોદરા કોટા પાર્શલ ટ્રેન પર ચડવા જતા પગ લપસી જતા તેઓ ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે આવી જતા ટ્રેન એમના પગ પર ફરી વળતા તેઓના પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી .ઘટનાની જાણ રેલ્વે રાજકીય પોલીસ અને RPF પોલીસને તથા તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ ગંભીર રીતે ઈજાગ્રસ્ત RPF જવાનને સારવાર માટે દાહોદના દર્પણ ટોકીજ રોડ નજીક ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડી કાયદેસરની કાર્યવાહી કરી વધુ પૂછતાજ હાથ ધરી હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળેલ છે

## દાહોદ રેલ્વે સ્ટેશનની બહાર તેમજ રેલ્વે સ્ટેશનની અંદર રખડતા ઢોરોએ વરસાદથી બચવા આસરો લીધો

વાત્સલ્યમ્ સમાચાર
અજય સાંસી દાહોદ



આજરોજ સાંજના ૮ કલાક થી દાહોદ શહેરમાં અવિરત વરસાદ વરસી રહ્યો છે જેમાં દાહોદ શહેરના સ્ટેશન રોડ વિસ્તારમાં રખડતા ઢોરોએ વરસાદથી બચવા દાહોદ શહેરના રેલ્વે સ્ટેશનનો સહારો લીધો હતો.જેમાં રખડતા ઢોરો રેલ્વે સ્ટેશનની બહાર તેમજ રેલ્વે સ્ટેશનની અંદર ભરાઈ જતા. રેલ્વે સ્ટેશનની અંદર આવતા જતા મુસાફરોમાં ભય જોવા મળ્યો હતો. ભય કેમ ના હોય દાહોદ શહેરમાં આડે દિવસે રખડતા ઢોરોનું અચાનક ચાલી જતા યુદ્ધના કારણે લોકોનું કેટલું નુકસાન થાય છે એ વાતથી જનતા અજાણ નથી.બિન માલીક રખડતા ઢોરો રેલ્વે સ્ટેશનની અંદર અને રેલ્વે સ્ટેશનની બહાર વરસાદથી બચવા રેલ્વે સ્ટેશન ખાતે જમાવડો કરી દેતા અને મુસાફરોને સમશ્યા થતા સ્ટેશન અધિકારી તાત્કાલિક દોડી આવી રેલ્વે સ્ટેશનની અંદર પ્રવેશ કરી ચૂકેલા ઢોરોને રેલ્વે સ્ટેશનથી બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી.પણ ક્યાંકને ક્યાંક વરસતા વરસાદમાં બિન માલિમ.બે જુબાન. રખડતા ઢોરો જે માત્ર વરસાદથી બચવા જેમણે રેલ્વે સ્ટેશનનો સહારો લીધો એવા બે જુબાન.બિન માલિક રખડતા ઢોરો વિશે વહીવટી તંત્ર થોડું વિચારે અને એવા રખડતા ઢોરોનું સહારો બને એવી લોક ચર્ચા સ્થળ પર ચાલી હતી

## 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત નવસારી જલાલપોર ના દાંડી ગામમાં યોજાઈ ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ



વાત્સલ્યમ્ સમાચાર
મદન વૈષ્ણવ-નવસારી

દાંડીના ગ્રામજનો , તાલુકાકર્મી તથા બાળકો ઉત્સાહપૂર્વક તિરંગા યાત્રામાં જોડાઈને દાંડી કિનારે સાફ સફાઈ અભિયાન હાથ ધર્યું દેશવાસીઓમાં રાષ્ટ્રપ્રેમની ભાવના જાગે તેવા આશયથી કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા તા.૮ થી ૧૫ ઓગસ્ટ દરમ્યાન દેશભરમાં 'હર ઘર તિરંગા' અભિયાનની ઉજવણી કરવામા આવી રહી છે. જેના ભાગરૂપે નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના દાંડી ગામ ખાતે આયોજિત તિરંગા યાત્રામાં ગ્રામજનો , તાલુકા પંચાયતના કર્મચારી તથા પોલીસકર્મી સાથે શાળાના બાળકો ઉત્સાહભેર જોડાયા હતા.

## ઝઘડિયા તાલુકાના રાજપારડી નજીક પોલીસે બે વાછરડા લઈને જતો ટેમ્પો ઝડપી લીધો



વાત્સલ્યમ્ સમાચાર
ઈરફાન ખત્રી-રાજપારડી

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના રાજપારડી નજીકથી પોલીસે બે વાછરડા લઈને જતા ટેમ્પો સાથે એક ઈસમને ઝડપી લઈને અન્ય બેને વોન્ટેડ જાહેર કર્યા હતા. ભરૂચ જિલ્લામાં ઉચ્ચ અધિકારીઓ તરફથી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે તકેદારી રાખવા તેમજ ગૌવંશને લગતી ગેરકાયદેસર પ્રવૃતિઓ અટકાવવા અસરકારક કામગીરી કરવા જિલ્લાના પોલીસ વિભાગને સુચના આપેલ,દરમિયાન રાજપારડી પોલીસને બાતમી બાતમી મળેલ કે રાજપારડીથી તરસાલી તરફ એક ટેમ્પોમાં એક ઈસમ ગાયના બે વાછરડાઓ ભરીને કતલ કરવાના ઈરાદે તરસાલી ગામે લઇ જાય છે,રાજપારડી પીએસઆઇ કે.બી. મીરના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે રાજપારડીથી નવી તરસાલી ગામ તરફ જવાના રોડ ઉપર માધુમતિ ખાડી પાસે વોચ ગોઠવી હતી અને બાતમી મુજબનો ટેમ્પો આવતા તેને ઉભો રખાવીને ટેમ્પો ચાલકને તેનું નામ પુછતા તેનું નામ ઈમરાનશા સિકંદરશા દિવાન રહે. નવી જરસાડ તા.ઝઘડિયાના હોવાનું જણાવેલ.સદર ટેમ્પોમાં ગાયના બે વાછરડા પાણી કે ઘાસચારાની સગવડ રાખ્યા વિના દોરીથી બાંધેલ હોવાનું જણાયું હતું. બે વાછરડાની કિંમત રૂપિયા ૫૦૦૦, ટેમ્પો કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦ તેમજ એક મોબાઈલ કિંમત રૂપિયા ૫૦૦૦ મળીને પોલીસે કુલ રૂપિયા ૩૧૦૦૦૦ નો મુદ્દામાલ કબજે લઈને ટેમ્પો ચાલક ઈમરાનશા દિવાનને ઝડપી લીધો હતો,અને ટેમ્પો ચાલકના જણાવ્યા મુજબ નવી તરસાલી ગામના તજમુલ ઝાકીરભાઈ મલેક અને અલફાજ હશન મલેક નામના ઈસમોએ ટેમ્પો ભાડે લઈને રાજપારડીના નેત્રંગ રોડ ઉપર સારસા ડુંગર પાસેથી બે વાછરડા ટેમ્પોમાં ભરાવીને તરસાલી ગામે લઇ જવાનું જણાવ્યું હતું. રાજપારડી પોલીસે સદર બન્ને ઈસમોને વોન્ટેડ જાહેર કરીને ટેમ્પો ચાલક સહિત ત્રણેય ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

## નર્મદા ડેમ માંથી પાણી છોડવામાં આવતા નર્મદા કિનારેના ગામોને સતર્ક કર્યા



વાત્સલ્યમ્ સમાચાર
નરેશપરમાર -કરજણ

ગુજરાતની જીવાદોરી નર્મદા બંધ તેની મહત્તમ સપાટીએ પહોંચવાની તૈયારીમાં છે. હાલ નર્મદા ડેમની સપાટી 134.75 પર પહોંચી ગઈ છે. ઈન્દીરા સાગર અને ઓમકારેશ્વર ડેમના 13 દરવાજા ખોલી હજુ 4 લાખ ક્યુસેક પાણી છોડતા આ પાણી સવારમાં નર્મદા સરદાર સરોવરમાં આવી ગયું હતું. એટલે બાકી રહેલી 4 મીટરની સપાટી પણ ભરાઈ શકે છે. હાસ ફૂલ લેવલ મેન્ટેન કરવા સવારે 6 વાગ્યે 5 દરવાજા ખોલવામાં આવ્યા હતા બાદમાં 9 વાગ્યે બીજા 4 દરવજા ખલવામાં આવ્યા છે. હાલ નર્મદા ડેમના 9 દરવાજા ખોલી 1.50 લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.જેના કારણે નીચાણ વારા વિસ્તારો ને સાવચેત રહેવા તંત્ર દ્વારા જણાવવા માં આવ્યું છે જેમકે કરજણ તાલુકાના :- પુરા, આલમપુરા, રાજલી, લીલીપુરા, નાની કોરલ, મોટી કોરલ, જુના સાયર, સગડોળ , ઓઝ, સોમજ, દેલવાડા, અરજણપુરા-શિનોર તાલુકાના :- અંબાલી, બરકાલ, દિવેર, માલસર, દરિયાપૂરા, મોલેથા, ઝાંઝડ, કંજેઠા, શિનોર, માંડવા, સુરાશામળ..

## લુણાવાડા એસટી ડેપો ખાતે હર ઘર તિરંગા અંતર્ગત તિરંગા વિતરણ કરવામાં આવ્યા



વાત્સલ્યમ્ સમાચાર
અમીન કોઠારી મહીસાગર

એસ.ટી.બસમાં મુસાફરી કરતા નાગરિકોને તિરંગાનું વિતરણ કરી "હર ઘર તિરંગા" અભિયાનમાં જોડાવા અપીલ.સમગ્ર રાજ્ય સહિત મહીસાગર જિલ્લામાં હર ઘર તિરંગા અભિયાન શરૂ થયું છે. ત્યારે મહીસાગર જિલ્લાના લુણાવાડા એસ.ટી. ડેપો ખાતે કર્મચારીઓ એ હાથમાં તિરંગો લઈને આ અભિયાનમાં પોતાની ભાગીદારી નોંધાવી હતી.

આ તિરંગો ફક્ત એક ધ્વજ નથી, તે આપણા શૂરવીરોના બલિદાન અને એકતાનું પ્રતીક છે. આવો, આપણે દરેકના દિલમાં દેશપ્રેમની જ્યોત પ્રગટાવી, તિરંગાને ગૌરવભેર લહેરાવીએ તેવી નેમ સાથે પોતાની ફરજ દરમિયાન કંડક્ટર મિત્રો દ્વારા મુસાફરોને પણ તિરંગાનું વિતરણ કરી આ અભિયાનમાં સહભાગી બનવા અપીલ કરી હતી સાથે સાથે પોતાના ઘરે તિરંગા લગાવવા અપીલ કરવામાં આવી હતી .

આ પ્રસંગે લુણાવાડા એસ.ટી ડેપો મેનેજર જાગૃતિબેન ગણાવા તેમજ ડેપોના કર્મચારી ગણ ઉપસ્થિત રહ્યા હતા

